# સોલામાં સિનિયર સિટીઝન દંપતીની ઘાતકી હત્યા કરાઈ

**લૂંટના ઈરાદે હત્યાની આશંકા : સવારે હત્યાનો બનાવ બન્યો હોવાથી હત્યામાં કોઈ જાણભેદુ શામેલ હોવાની શક્યતા નકારી શકાતી નથી**

અમદાવાદ,તા.૫

અમદાવાદ શહેરમાં શુક્રવારે વહેલી સવારે એક ચકચારી ઘટના સામે આવી છે. સોલા વિસ્તારમાં બેવડી હત્યાનો બનાવ સામે આવ્યો છે. અમદાવાદના સોલા વિસ્તારના



થલતેજ પાસે આવેલા શાંતિ પેલેસમાં વહેલી સવારે એક વૃદ્ધ દંપતીની હત્યાનો બનાવ બનતા પોલીસ દોડતી થઈ ગઈ છે. પ્રાથમિક તપાસમાં એવું સામે આવ્યું છે કે સવારથી ત્રણથી ચાર લોકો તેમના ઘરમાં ઘૂસ્યા હતા અને તેમની હત્યા કરી નાખી હતી. સિનિયર સિટીઝનની આવી રીતે હત્યા કરવામાં આવે છે ત્યારે અનેક સવાર ઊઠી રહ્યા છે. બંનેની ગળું કાપીને હત્યા કરવામાં આવી છે. મળતી માહિતી પ્રમાણે મૃતક અશોક પટેલ અને જ્યોત્સનાબેન પટેલ ઘરે એકલા રહેતા હતા. પરિવારના અન્ય સભ્યો બહાર રહેતા હોવાનું સામે આવ્યું છે. અશોકભાઈનો પુત્ર ચાર-પાંચ વર્ષથી દુબઈ રહેતો હોવાના સમાચાર સામે આવ્યા છે. વહેલી સવારે તેમના ઘરમાંથી હત્યા કરાયેલી લાશ મળી આવતા પોલીસને જાણ કરવામાં આવી હતી. ત્યાર બાદ પોલીસની અલગ અલગ ટીમ ઘટના સ્થળ ઉપર પહોંચી હતી અને તપાસ શરૂ કરી છે. પોલીસે એફએસએલ સહિત અન્ય લોકોની મદદ લઈને તપાસ તેજ કરી છે. આ બેવડી હત્યા પાછળ લૂંટ અથવા ચોરીના ઈરાદે કરવામાં આવી હોવાની હાલ પોલીસને આશંકા છે. આ થીયરી પર પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. આ કેસમાં પોલીસ હવે અલગ અલગ લોકોની પૂછપરછ શરૂ કરશે.

વહેલી સવારે હત્યાનો બનાવ બન્યો હોવાથી હત્યામાં કોઈ જાણભેદુ શામેલ હોવાની શક્યતા નકારી શકાતી નથી. મળતી માહિતી પ્રમાણે બંને મૃતકો સામાન્ય રીતે રાબેતા મુજબ ઘરની બહાર નીકળતા હતા. જોકે, આજે બંને બહાર ન નીકળતા પાડોશીને શંકા ગઈ હતી. આથી તેમણે પોલીસને જાણ કરી હોવાની પ્રાથમિક વાત સામે આવી રહી છે. અમદાવાદ શહેરમાં સિનિયર સિટીઝનની બેવડી હત્યા બનતા ક્રાઈમ બ્રાન્ચ સહિત અન્ય પોલીસ સ્ટાફ તપાસમાં જોડાયો છે. હાલ પોલીસે ફરિયાદ નોંધીને લાશને પોસ્ટ મોર્ટમ માટે મોકલવાની કાર્યવાહી શરૂ કરી છે. વહેલી સવારે બેવડી હત્યાનો બનાવ બનતા અનેક સવાલ ઊભા થયા છે.

# રાજ્યમાં કોરોના વકર્યો : નવા ૫૧૫ કેસ

**૨૪ કલાકમાં એક વ્યક્તિનું મોત : ૧૨,૩૭,૪૯૩ વ્યક્તિને પ્રથમ ડોઝનું અને ૨,૯૦,૦૧૧ વ્યક્તિઓને બીજા ડોઝનું રસીકરણ પરિપૂર્ણ થયું હતું**

અમદાવાદ, તા.૫

કોરોનાનો કહેર ફરી પાછો વધતો જ જઈ રહ્યો છે. રાજ્યમાં ૨૪ કલાકમાં કોરોનાના કુલ ૫૧૫ કેસ નોંધાયા છે તો તેની સામે રાજ્યમાં ૨૪ કલાકમાં ૪૦૫ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી હવે કોરોના મહામારીમાં રાજ્યમાં કુલ ૨,૬૪,૯૬૯ દર્દીઓ કોરોનાને હરાવવામાં સફળ રહ્યાં છે. જેથી રાજ્યનો રિકવરી રેટ પણ ૯૭.૩૩%એ પહોંચ્યો છે.

રાજ્યમાં નવા કેસમાંથી અમદાવાદમાં ૧૧૫, સુરતમાં ૧૧૦, વડોદરામાં ૧૦૩ તેમજ રાજકોટમાં ૫૬ દર્દીઓનો સમાવેશ થાય છે. જ્યારે રાજ્યમાં કુલ ૨૮૫૮ એક્ટિવ કેસમાંથી ૪૩ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૨૮૧૫ સ્ટેબલ છે. રાજ્યમાં ૨૪ કલાકમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૧ મોત નોંધાતા હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ ૪૪૧૩એ પહોંચ્યો છે.

અત્યાર સુધીમાં કુલ ૧૨,૩૭,૪૯૩ વ્યક્તિઓને પ્રથમ ડોઝનું અને ૨,૯૦,૦૧૧ વ્યક્તિઓને બીજા ડોઝનું રસીકરણ પૂર્ણ થયું હતું. રાજ્યમાં ૪૫-૬૦ વર્ષના ગંભીર બીમારી ધરાવતા કુલ ૧,૨૩,૨૪૫ વ્યક્તિઓને ડૉઝ અપાયા હતા. આ ઉપરાંત રાજ્યમાં કુલ એક્ટિવ કેસની સંખ્યા પણ ૨૮૫૮ થઈ છે તો ભાવનગર કોર્પોરેશન, બોટાદ, પાટણ, તાપી અને વલસાડમાં એકપણ કેસ નોંધાયો નહોતો.

# તલોદના વાવ ગામની ત્રણ ગાયોના બટાટા ખાધા બાદ મોત

તલોદ, તા. ૫

તલોદ તાલુકાના વાવ ગામના માલધારી સમાજના આસપાસના ગામના કંપાના ખેતરોમાં ગાયો, ભેંસો અને ઘેટા-બકરા ચરાવવા ગયા હતા. જ્યાં બટાકાના ખેતરોમાંથી બટાકા ખાવાથી ત્રણ ગાયના કમકમાટીભર્યા મોત નિપજ્યા હતા. જ્યારે અહી અન્ય ૩ જેટલી ગાયોને અસર થયેલ છે જેની સારવાર ચાલુ છે.

બટાકા ખાધા બાદ ગાયોની હાલત કથળતા ઘરે લઈ આવીને દાક્તરી સારવાર પુરી પાડવામાં આવી હતી. જો કે કમનસીબે સારવાર સફળ બને તે પહેલા જ ૩ જેટલી ગાયોના મોત થયા હતા.

ઉલ્લેખનીય છે કે બટાકામાં સેપોનીન નામનુ ઝેરી તત્વ સમાયેલુ હોય છે જેથી મનાય છે કે ગાયોએ વધુ પડતા બટાકા આરોગ્યા હશે જેથી પુષ્કળ પ્રમાણમાં ગેસ થતાં અંતે આંતરડા ફાટી જવાથી મોત નિપજ્યા હશે. વાવ ગામના રહીશ નાગજીભાઈ ઈન્દુભાઈ ભરવાડ, પોપટભાઈ મશાભાઈ ભરવાડ અને મોતીભાઈ ઈન્દુભાઈ ભરવાડ પરિવારોએ દુર્ભાગ્યે પોતાનું મોંઘુ પશુધન આ ઘટનામાં ગુમાવ્યું હોવાનું જાણવા મળે છે.

# બાયો યુનિ. અને યુનિ. ઓફ એડિન બર્ગની વચ્ચે એમઓએ

**ઉચ્ચ દક્ષતા પ્રાપ્ત વિદ્યાર્થી પુરા પાડવાનો હેતુ : બાયોટેકનોલોજી ઇનોવેશન ઇકોસિસ્ટમ વિકસીત કરવા ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી સક્ષમ માધ્યમ બની**

ગાંધીનગર,તા.૫

ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટી અને યુકેના સ્કોટલેન્ડ સ્થિત યુનિવર્સિટી ઓફ એડિન બર્ગે ભારત અને વિશ્વને ગુજરાત રિસર્ચ, ઈનોવેશન અને ઉચ્ચદક્ષતા પ્રાપ્ત વિદ્યાર્થીઓ આવનારા ભવિષ્યમાં પૂરા પાડી શકે તે હેતુસર ગાંધીનગરમાં એક મહત્વપૂર્ણ એમઓએ સંપન્ન કર્યા છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીની પ્રત્યક્ષ ઉપસ્થિતીમાં થયેલા આ એમઓએ એકસચેંજ સેરીમનીમાં બ્રિટીશ હાઈકમિશનર ટુ ઈન્ડીયા શ્રીયુત એલેક્ષ, યુનિવર્સિટી ઓફ એડન બર્ગના વાઈસ ચાન્સેલર શ્રીયુત પ્રોફેસર પિટર મેથીસન, ભારત સરકારના પ્રિન્સીપલ સાયન્ટીફિક એડવાઈઝર પ્રોકે રાઘવન વર્ચ્યુઅલ માધ્યમથી જોડાયા હતા. મુખ્યમંત્રી વિજય રૂપાણીની ઉપસ્થિતીમાં આ એમઓએનું પરસ્પર આદાન-પ્રદાન રાજ્ય સરકારના સાયન્સ ટેકનોલોજી સચિવ હારિત શુકલા અને ગુજરાત તથા રાજસ્થાન માટેના બ્રિટીશ ડેપ્યુટી હાઈકમિશનર શ્રીયુત પિટર કૂક વચ્ચે કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ આ તકને ગુજરાત માટે એક મહત્વપૂર્ણ અવસર ગણાવતાં સ્પષ્ટપણે જણાવ્યું કે, વિકાસનું રોલમોડેલ ગુજરાત ઔદ્યોગિક, પ્રવાસન સહિતના ક્ષેત્રોના વિકાસ સાથે વર્લ્ડ કલાસ એજ્યુકેશન હબ તરીકે પણ ઊભરી આવ્યું છે. ગુજરાતમાં વિશ્વ સમકક્ષ બહુધા વિષયોના શિક્ષણ-અભ્યાસ માટે રાજ્ય સરકાર સેકટર સ્પેસિફિક યુનિવર્સિટીના કન્સેપ્ટ સાથે આગળ વધી રહી છે. તેમણે આ સંદર્ભમાં કહ્યું કે, રાજ્યની આવનારી પેઢીને બાયોટેકનોલોજી ક્ષેત્રના વર્તમાન સમયની માંગ અનુસાર વિશ્વકક્ષાનું શિક્ષણ ઘર આંગણે મળી રહે તે માટે ગુજરાત બાયોટેકનોલોજી યુનિવર્સિટીએ આ નવિન પહેલ કરીને સ્કોટલેન્ડ યાર્ડ-યુ.કે.ની એડિન બર્ગ યુનિવર્સિટી સાથે શિક્ષણ વ્યવસ્થાના એમઓએ કર્યા છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે આ એમઓએના પરિણામ સ્વરૂપે ઈનોવેટિવ રીસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેકટરમાં વર્લ્ડ સાયન્ટીસ્ટ અને સબ્જેકટ એકસપર્ટના જ્ઞાનનો લાભ ગુજરાતના વિદ્યાર્થીઓને મળતો થવાનો છે. વિજય રૂપાણીએ ગુજરાતને નોલેજ ડ્રિવન ઈકોનોમી તરીકે પ્રસ્થાપિત કરવાના બહુઆયામી ઉદ્દેશ સાથે ધોલેરામાં જી-એસઈઆર એટલે કે સ્પેશ્યલ એજ્યુકેશન રિજીયન રાજ્ય સરકાર સ્થાપવાની છે તેની પણ ભૂમિકા આપી હતી. મુખ્યમંત્રીએ કહ્યું કે, મહામારી, આનુવંશિક રોગ, કલાયમેટચેન્જ, ફૂડ સિકયુરિટીના ક્ષેત્રોમાં માનવજાત માટેની સમસ્યાઓનો સામનો કરવાની ક્ષમતા બાયોટેકનોલોજીમાં છે.

**સબ સલામતીના દાવાઓ પોકળ : જિલ્લાના પ્રજાજનોએ સ્વયંભૂ જાગૃતતા દાખવવી પડે એવો માહોલ સર્જાયો**

# રાયગઢના યુનિયન બેંકના એટીએમમાંથી મોડી રાત્રે ગણતરીના કલાકોમાં ૧.૫ લાખની તસ્કરી

**એટીએમમાં થયેલ તસ્કરી અંગે પોલીસને જાણ કરવામાં આવતા સ્થાનિક પોલીસ સહિત એલ.સી.બી., એસ.ઓ.જી પોલીસ ટીમ તસ્કર ટોળકીને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા**

હિંમતનગર, તા.૦૫

હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં દિન-પ્રતિદિન ગુનાહિત પ્રવૃત્તિઓ આચરનાર તસ્કરી ટોળકીઓ સક્રિય થતાં ચોરી, લૂંટફાટ, ઘરફોડ ચોરી સહિતની ગુનાહિત પ્રવૃતિઓના કિસ્સા - ફરીયાદો પોલીસ દફતરે મોટી સંખ્યામાં નોંધાઈ રહ્યા છે જે ખરેખર એક ચિંતાનો વિષય છે ગુનાહિત પ્રવૃત્તિઓ આચરનારી તસ્કરી ટોળકીઓ દિવસ તેમજ રાત્રી દરમિયાન ગુનાહિત પ્રવૃત્તિઓને અંજામ આપી રહી છે ત્યારે પોલીસ વિભાગના સબ સલામતીના દાવાઓ પોકળ સાબિત થતા હોય તેમ હવે સાબરકાંઠા જિલ્લાના પ્રજાજનોએ સ્વયંભૂ જાગૃતતા દાખવવી પડે એવો માહોલ સર્જાવા પામ્યો છે સાબરકાંઠા જિલ્લા પોલીસ અધિક્ષક નીરજ કુમાર બડગુજર ના નેતૃત્વ હેઠળ એ ડિવિઝન , બી ડિવિઝન , ગ્રામ્ય પોલીસ , એલસીબી પોલીસ , એલઆઈબી પોલીસ , એસ.ઓ.જી પોલીસ સહીત પોલીસ હેડ ક્વાર્ટરની પોલીસ સ્ટાફની તમામ ટીમો કાર્યરત હોવા છતાં શહેરી તેમજ ગ્રામ્ય વિસ્તારમાં સાબરકાંઠા પોલીસને પડકાર ફેંકી હોય એમ દિવસ તેમજ રાત્રી દરમિયાન ગુનાહિત પ્રવૃત્તિઓ આચરતી ટોળકીઓએ ગુનાહિત પ્રવૃત્તિને અંજામ આપીને હાહાકાર મચાવતા પ્રજાજનોની ઊંઘ હરામ થઈ જવા પામી છે ત્યારે હિંમતનગર તાલુકાના રાયગઢ ગામમાં ગતરોજ ગુરુવારે મોડી રાત્રિ દરમિયાન ગણતરીના કલાકોમાં યુનિયન બેંકના એટીએમને નિશાન બનાવી તસ્કરી ટોળકીએ ૧.૫૦ લાખથી વધુની રકમ ઉસેળી ફરાર થઈ જતા સ્થાનિક પોલીસ સહિત એલસીબી એસઓજીની પોલીસ ટીમો બસ કરી ટોળકીને ઝડપી પાડવા ધંધે લાગી ગઈ છે.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના રાયગઢ ગામમાં ગતરોજ ગુરુવારે મોડી રાત્રિએ આશરે ચાર થી પાંચેક વાગ્યાના સમયગાળા દરમિયાન યુનિયન બેંકના એટીએમને નિશાન બનાવી ગણતરીના કલાકોમાં યુનિયન બેંકના એટીએમના દરવાજાનું તાળું તોડી અંદર પ્રવેશ કરી મશીનને કોઈ સાધનથી કાપી નાખી તસ્કરી ટોળકીએ દોઢ લાખથી વધુની રકમ ચોરી કરી ફરાર થઈ ગઈ હતી યુનિયન બેંકના એટીએમમાં થયેલી રૂ. ૧,૫૮,૮૦૦/- ની તસ્કરી અંગે બેંક સત્તાધીશોને જાણ થતા સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવતા સાબરકાંઠા એલ.સી.બી , એસ.ઓ.જી પોલીસ ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી અને યુનિયન બેંકના બ્રાન્ચ મેનેજર દીપકભાઈ જગદીશપ્રસાદ મીણાએ નોંધાવેલી ફરિયાદના આધારે યુનિયન બેંકના એટીએમમાંથી દોઢ લાખથી વધુની રકમ ઉસેળી જનાર તસ્કરી ટોળકીને ઝડપી પાડવા સ્થાનિક પોલીસ સહિત એલ.સી.બી ,. એસ.ઓ.જી પોલીસ ટીમોએ તપાસના ચક્રો ગતિમાન કર્યા છે ત્યારે હવે જોવાનું રહ્યું કે, માત્ર ગણતરીના કલાકોમાં એટીએમ ચોરીને અંજામ આપનાર તસ્કર ટોળકીને પોલીસ




વિભાગની ત્રણેય ટીમો કેટલા ?? સમયમાં તસ્કરી ટોળકીને ઝડપી પાડી પોતાની સતર્કતા સાબિત કરી આમ જનતામાં પોલીસ તંત્રની ખરડાયેલી છબીને સુધારી શકે છે.

ઉલ્લેખનીય છે કે , હિંમતનગર સહિત સાબરકાંઠા જિલ્લામાં વધતી જતી ક્રાઈમની ઘટનાઓને પગલે ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારના પ્રજાજનો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે ત્યારે પ્રજાજનોની સુખાકારીને ધ્યાનમાં રાખીને પોલીસ વિભાગ દ્વારા દિવસ તેમજ રાત્રી દરમિયાન પેટ્રોલિંગ સઘન બનાવી ગુનાહિત પ્રવૃત્તિઓ ઉપર લગામ કસવામાં આવે એવી લોક માંગ પ્રબળ થવા પામી છે

# કુદરત કોરોનાના પક્ષમાં : જિલ્લામાં પરોઢે ઠંડીનો ચમકારો, બપોરે ગરમીનો પારો ઉંચકાયો

**વાઈરલ બિમારીથી ઘેર ઘેર માંદગીના ખાટલા**

બાયડ, તા. ૫

જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી હેમખેમ પૂરી થયા પછી કુદરત કોરોનાના પક્ષમાં હોય તે રીતે જિલ્લામાં રાત્રિથી પરોઢ દરમીયાન ઠંડીનો ચમકારો અને બપોર બાદ ગરમીનો પારો ઉંચકાતાં વાઈરલ બિમારીએ વિકરાળ સ્વરૂપ ધારણ કર્યુ છે. પરીક્ષા નજીક આવે છે ત્યારે ઘેર ઘેર માંદગીના ખાટલા જોવા મળે છે.

ગત વર્ષે પ્રજાને કોરોનાએ તબાહ કર્યા પછી વર્ષ ૨૦૨૧માં મિશ્ર ઋતુનો માહોલ એક પખવાડીયાથી શરૂ થયો છે. જેના કારણે વાઈરલ બિમારીનું વાવાઝોડુ ફુંકાયુ છે. વાઈરલ બિમારીમાં પટકાયેલ દર્દીને અસહ્ય ઉધરસ અને શરદી થતી હોવાના કારણે પરીવાર કોરોના થયો હશે તેવી દહેશતથી ગભરાઈ જાય છે. પાછલા ૨ દિવસમાં જ જિલ્લાના ૧૪ તાલુકામાં વાઈરલ દર્દીઓના કેસમાં ઉછાળો આવ્યો છે. દરેક તાલુકામાં દરરોજ ૨૦૦૦ થી વધુ શરદી-ઉધરસ-તાવના દર્દીઓ નોંધાય છે. જ્યારે દરેક તાલુકા દિઠ દૈનિક ૧૦ થી ૧૫ કોરોનાના શંકાસ્પદ કેસ નોંધાઈ રહ્યા છે. વાઈરલ બિમારીમાં પ્રજા સાવધાની નહી રાખે તો જિલ્લાની હોસ્પિટલ અને દવાખાના દર્દીઓથી ઉભરાઈ જાય તે દિવસો દૂર નથી.

# સાબરકાંઠા - અરવલ્લી જીલ્લામાં દલિતો પર અત્યાચાર ક્યારે અટકશે ... !!

હિંમતનગર, તા.૦૫

સાબરકાંઠા અરવલ્લી જિલ્લાના સહિત ગુજરાતભરમાં તાજેતરમાં જ દલિત સમાજના યુવાનો - યુવતીઓનો ગામમાં વરઘોડો ના કાઢવા દેવાની કેટલીક ઘટનાઓ સામે આવી છે.

ત્યારે દલિત પર થયેલાં અત્યાચારને કારણે સાબરકાંઠા - અરવલ્લી જિલ્લાની છબી પણ ખરડાઈ રહી છે સરકાર દ્વારા પણ સમાજમાં દલિતો પરનાં અત્યાચાર રોકવા માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. પણ હજુ પણ દલિતો પરનાં અત્યાચાર અટકવાનું નામ લઈ રહ્યા નથી. થોડા સમય પહેલાં જ દલિતોનાં વરઘોડા અટકાવી દેવામાં આવ્યા હોવાના સમાચાર સામે આવ્યા હતા. તેવામાં હવે સાબરકાંઠામાં પણ ગ્રામજનોએ દલિત યુવકને વરઘોડો કાઢવાની ના પાડી દીધી હતી. જે બાદ આ મામલે પોલીસને જાણ થતાં હવે પોલીસ પ્રોટેક્શન સાથે યુવકનો વરઘોડો નીકળશે.

સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના ભજોઉર ગામમાં રહેતાં દલિત યુવકના લગ્ન હોવાથી તેઓએ ગ્રામજનોને વરઘોડો કાઢવા માટે અનેક વખત રજૂઆત કરી હતી. પણ ગ્રામજનોએ વરઘોડો ફેરવવાની ના પાડી હતી. અને કહ્યું હતું કે, તું દલિત છે તારો વરઘોડો નહીં ફરવા દઈએ. જે બાદ યુવકના પિતાએ આ મામલે ગૃહ વિભાગ સહિત જિલ્લા કલેક્ટર, વડાલી પોલીસમાં અરજી કરીને મંજૂરી મેળવી હતી. જે બાદ હવે આવતીકાલે પોલીસ પ્રોટેક્શન સાથે દલિત યુવકનો વરઘોડો નીકળશે અને સાથે સાથે પોલીસ દ્વારા વરઘોડાની વીડિયોગ્રાફી પણ કરવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, પંદર-વીસ દિવસ અગાઉ જ અરવલ્લી જિલ્લામાં દલિતોના વરઘોડા અટકાવી દેવાની ઘટનાએ સનસનાટી મચાવી હતી. મોડાસાના નાંદીસણ ગામે યુવતીના લગ્ન હોય સાંજે ગામમાં ડીજે સાંજે વરઘોડો કાઢવામાં આવ્યો હતો. અને યુવતીના સંબંધીઓ સહિતના પરિવારજનો ગામના ચોકમાં રાસ ગરબા રમતા હતા. તે સમયે ગામના ધર્મરાજસિંગ જયેન્દ્રસિંહ ચૌહાણે આવી પહોંચી યુવતીના ભાઈને કહ્યું કે, તારા માથેથી પાઘડી ઉતારી દે. તમોને શોભતી નથી તેમ કહી જાતિ પ્રત્યે અપશબ્દો બોલ્યા હતા. બાદમાં ધર્મરાજસિંહના પિતા જયેન્દ્રસિંહ ચૌહાણ કાર લઈને આવી ગયા હતા અને ડીજે બેન્ડ આગળ કાર ઉભી રાખી સાફો ઉતારી હાથમાં આપો તો જ વરઘોડો આગળ જવા દઈશ તેમ કહ્યું હતું. જે બાદ પોલીસને જાણ કરતાં ધર્મેન્દ્રસિંહ અને તેના પિતાની ધરપકડ કરવામાં આવી હતી.

# ઈઝી ટ્રિપ પ્લાનર્સ લિમિટેડનો આઈપીઓ ઓફરની બિડ/ઈશ્યૂ ૮મીએ ખુલશે

**રૂ. ૨ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઇક્વિટી શેરની પ્રાઇસ બેન્ડ ઇક્વિટી શેરદીઠ રૂ. ૧૮૬થી રૂ. ૧૮૭ નક્કી કરવામાં આવી : બિડ/ઇશ્યૂ ૮ માર્ચ, ૨૦૨૧ને સોમવારથી ૧૦ માર્ચ, ૨૦૨૧ને બુધવાર સુધી ખુલ્લો રહેશે**

ઈઝી ટ્રિપ પ્લાનર્સ લિમિટેડ (''કંપની'') ભારતમાં ૩૧ ડિસેમ્બર, ૨૦૨૦ સુધી પૂર્ણ થયેલા નવ મહિનાના ગાળામાં બુકિંગ વોલ્યુમની દ્રષ્ટિએ કી ઓનલાઈન ટ્રાવેલ એજન્સીઓ વચ્ચે બીજું સ્થાન ધરાવતી અને નાણાકીય વર્ષ ૨૦૧૯-૨૦માં બુકિંગની કુલ આવકની દ્રષ્ટિએ ભારતમાં કી ઓનલાઈન ટ્રાવેલ એજન્સીઓમાં ત્રીજું સ્થાન ધરાવે છે (સ્તોત્રઃ ''એસેસ્સમેન્ટ ઓફ ઓટીએ ઈન્ડસ્ટ્રી ઈન ઈન્ડિયા'' ફેબ્રુઆરી, ૨૦૨૧ (''ક્રિસિલ રિપોર્ટ'') ક્રિસિલ લિમિટેડના ડિવિઝન ક્રિસિલ રિસર્ચ દ્વારા તૈયાર કરવામાં આવ્યો હતો અને ઈશ્યૂ થયો હતો). ક્રિસિલના રિપોર્ટમાં 'કી ઓનલાઈન ટ્રાવેલ એજન્સીઓ'નો સંદર્ભ બુકિંગની કુલ આવક અને કાર્યકારી આવકને આધારે મુખ્ય કંપનીઓ સાથે છે. આ માટે કંપનીએ નવી દિલ્હીમાં નેશનલ કેપિટલ ટેરિટરી ઓફ દિલ્હી અને હરિયાણામાં રજિસ્ટ્રાર ઓફ કંપનીઝ (''આરઓસી'') સમક્ષ ૨૮ ફેબ્રુઆરી, ૨૦૨૧ના રોજ રજૂ કરેલા રેડ હેરિંગ પ્રોસ્પેક્ટ્સ (''આરએચપી'')નું પાના નંબર ૧૨૬ પર ''ઈન્ડસ્ટ્રી ઓવરવ્યૂ - કોમ્પિટિટિવ એસેસ્સમેન્ટ ઓફ ઓટીએ ઈન ઈન્ડિયા - કી ઓબ્ઝર્વેશન્સ'' જુઓ. કંપની એના દરેક રૂ. ૨ની ફેસ વેલ્યુ ધરાવતા ઈક્વિટી શેર (''ઈક્વિટી શેર્સ'')ની ઈનિશિયલ પબ્લિક ઓફર (આઈપીઓ)ના સંબંધમાં બિડ/ઈશ્યૂ ૮ માર્ચ, ૨૦૨૧ને સોમવારે ખુલશે. બિડ/ઈશ્યૂનો ગાળો ૧૦ માર્ચ, ૨૦૨૧ને બુધવારે પૂરો થશે.

ઈશ્યૂની પ્રાઈસ બેન્ડ ઈક્વિટી શેરદીઠ રૂ. ૧૮૬થી રૂ. ૧૮૭ નક્કી કરવામાં આવી છે.

## વિધાનસભામાં

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાનગી શાળાઓમાં કમ્પાઉન્ડ વોલ નથી. આમ જિલ્લામાં ૭૭ પ્રા. શાળામાં કમ્પાઉન્ડ વોલની સુવિધા નથી.

તેમણે સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ હતુ કે આ સુવિધા જેમ બને તેમ ઝડપથી ઉપલબ્ધ કરાવી દેવામાં આવશે.

**● વર્ગખંડોની ઘટ**

કોંગીના સુરેશભાઈ પટેલે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ જિલ્લાની પ્રા. શાળાઓમાં વર્ગખંડની ઘટ અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે જિલ્લામાં ખુટતા ઓરડાઓની સંખ્યા ૪૪૬ છે.

તેમણે પુછેલા એક અન્ય લેખિત પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણમંત્રીએ જણાવ્યુ હતુ કે ૨૦૧૮-૧૯માં જિલ્લામાં ૧૬૪ ઓરડાઓનું નિર્માણ કરવામાં આવ્યુ જ્યારે ૧૯-૨૦ના વર્ષમાં માત્ર ૨૩ ઓરડાનું નિર્માણ કરવામાં આવ્યુ છે.

શિક્ષણમંત્રીએ જણાવ્યુ હતુ કે આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી આ ઘટ પુરી કરવામાં આવશે.

**● જિલ્લામાં વૃક્ષ ગણતરી**

કોંગીના બળદેવજી ઠાકોરે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ જિલ્લામાં થયેલા વૃક્ષોની ગણતરી અંગે પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં વનમંત્રીએ જણાવ્યુ છે કે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૧૩ની તુલનામાં ૨૦૧૭માં જે વૃક્ષ ગણના થઈ તેમાં ૩,૮૪,૫૧૧ વૃક્ષોનો વધારો થયો છે.

વનમંત્રીએ જણાવ્યુ હતુ કે ૨૦૧૩ની વૃક્ષ ગણતરી મુજબ ફક્ત શહેરી વિસ્તારમાં આવેલ વૃક્ષોની સંખ્યા ૯,૬૨,૮૫૦ હતી. જ્યારે ૨૦૧૩ની વૃક્ષ ગણતરી પ્રમાણે ગ્રામ્ય વિસ્તારમાં સંખ્યા ૧,૨૪,૧૮,૫૫૪ હતી. જે ૨૦૧૭માં વધીને ૧,૨૮,૦૩,૬૫ છે.

ગાંધીનગર જિલ્લામાં ખાસ કરીને લીમડા, નીલગીરી, દેશી બાવળ, જાંબુ જેવી જાતોના વૃક્ષોમાં વધારો થયો છે. અમદાવાદના ગ્રામ્ય વિસ્તારમાં ૨૦૧૩ની તુલનામાં ૨૦૧૭માં ૮,૦૮,૦૪૫ વૃક્ષોનો ઘટાડો થયો છે.

## બમણું સંક્રમણ

● અનુસંધાન પહેલાનું ચાલુ

આવ્યા છે. હાલમાં ૧,૭૬,૩૧૯ એક્ટિવ કેસો છે. બીજી તરફ, અત્યાર સુધીમાં કુલ ૧,૫૭,૫૪૮ લોકોનાં કોરોના વાયરસના કારણે મોત થયા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચએ શુક્રવારે જાહેર કરેલા આંકડાઓ મુજબ, ૪ માર્ચ સુધીમાં ભારતમાં કુલ ૨૧,૯૯,૪૦,૭૪૨ કોરોના સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. નોંધનીય છે કે, ગુરુવારના ૨૪ કલાકમાં ૭,૬૧,૮૩૪ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે. ગુજરાતની વાત કરીએ તો, છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૪૮૦ કેસ નોંધાયા છે. જેની સામે ૩૬૯ દર્દીઓ સાજા થયા છે. ૨૪ કલાકમાં રાજ્યમાં કોવિડ-૧૯ના કારણે એકપણ દર્દીનું મોત થયું નથી. રાજ્યમાં કુલ મૃત્યુઆંક ૪૪૧૨ થયો છે. રાજ્યમાં સાજા થવાનો દર ૯૭.૩૬ ટકા છે. અત્યાર સુધીમાં ૧૧,૦૯,૫૧૫ વ્યક્તિઓને કોરોના વેક્સીનનો પ્રથમ ડોઝ અને ૨,૪૫,૦૧૦ વ્યક્તિઓને કોરોના વેક્સીનનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. આજે ૬૦ વર્ષથી વધારે વય ધરાવતા તેમજ ૪૫થી ૬૦ વર્ષ વયના ગંભીર બીમારી ધરાવતા ૧,૦૧,૯૯૧ વ્યક્તિઓનું રસીકરણ થયું છે. આ રસીના કારણે એકપણ ગંભીર આડઅસર જોવા મળી નથી. ગુજરાતમાં અત્યારે કુલ ૨૭૪૯ દર્દીઓ એક્ટિવ પેશન્ટ તરીકે દાખલ છે, જેમાં ૪૦ દર્દીઓ વેન્ટીલેટર પર છે. રાજ્યમાં ૨૭૦૯ દર્દીઓ સ્ટેબલ છે. રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૬૪૫૬૪ દર્દીઓને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે.

કોરોનાના વધતા કેસને ધ્યાનમાં રાખીને મધ્યપ્રદેશમાં મે સુધી પહેલા ધોરણથી પાંચમા ધોરણના ક્લાસ બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. એમપીના સ્કૂલ શિક્ષણમંત્રી ઈન્દર સિંહ પરમારે આ વાત જણાવી છે. તેમણે કહ્યું છે કે રાજ્યમાં ૬થી ૮માં ધોરણના ક્લાસ વિશે પણ ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે. મધ્યપ્રદેશમાં ભોપાલ અને ઈન્દોરમાં કોરોનાના સૌથી વધારે કેસ નોંધાયા છે. જ્યારે રાજ્યમાં અત્યારસુધીમાં ૨ લાખ ૬૨ હજાર ૮૫૦ લોકો સંક્રમિત થયા છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે ગુરુવારે કોરોનાની વેક્સિન લીધી છે. તેમણે દિલ્હીની એલએનજેપી હોસ્પિટલમાં પહેલો ડોઝ લગાવ્યો છે. ૫૨ વર્ષના કેજરીવાલ ૧૦ વર્ષથી ડાયાબિટીસના દર્દી છે. તેમના પેરન્ટ્સે પણ વેક્સિન લીધી છે. બધાને કોવિશીલ્ડ વેક્સિન આપવામાં આવી છે.

## વિશ્વની સેવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

સમાધાનની જગ્યાએ સમસ્યાઓ વધારે પેદા થાય છે. દેશનુ બજેટ અને દેશ માટે બનનારી નીતિ માત્ર સરકારી પ્રક્રિયા ના બની રહે અને દેશના વિકાસમાં સામેલ દરેક ક્ષેત્રનુ તેમાં ઈન્વોલ્મેન્ટ હોય તેવો પ્રયાસ થઈ રહ્યો છે. તેમણે કહ્યુ હતુ કે, પીએલઆઈ સ્કીમ જે સેક્ટર માટે લોન્ચ કરાઈ છે તેને તો લાભ થઈ જ રહ્યો છે પણ આ સેક્ટરની સાથે જોડાયેલી ઈકો સિસ્ટમને પણ ફાયદો થઈ રહ્યો છે. પીએલઆઈ સ્કીમના કારણે ઓટો પાર્ટસ, મેડિકલ ટૂલ્સ અને દવાઓના રો મટિરિયલ સાથે જોડાયેલી વિદેશી નિર્ભરતા બહુ ઓછી થઈ જશે.

પીએમ મોદીએ કહ્યુ હતુ કે, ભારતમાંથી વેક્સિનના લાખો ડોઝ લઈને જે રીતે દુનિયાભરમાં જઈ રહ્યા છે તે પાછા આવે છે ત્યારે ખાલી નથી આવતા પણ ભારત પ્રત્યે દુનિયાના બીજા દેશના વધી રહેલા ભરોસા, આત્મિયતા, સ્નેહ અને આશીર્વાદ લઈને પાછા આવી રહ્યા છે.

## કવર પેજ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ખરીદી શકાય નહીં. સાથે જ કહેવામાં આવ્યું છે કે, મોટાભાગની મહિલાઓ પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશના ગ્રામીણ વિસ્તારમાંથી આવી છે.

ટાઈમ મેગેઝીને લખ્યું કે, કેવી રીતે મહિલા ખેડૂતોએ આંદોલન ચાલુ રાખવાનો સંકલ્પ લીધો છે.

જ્યારે સરકાર તેમને ઘરે જવા માટે કહી ચૂકી છે. સાથે જ કહેવામાં આવ્યું છે કે, કેવી રીતે આ ખેડૂત મહિલાઓ પંજાબ, હરિયાણા અને ઉત્તર પ્રદેશના હજારો ખેડૂતોનું નેતૃત્વ કરવા માટે મોરચો સંભાળે છે.

ટાઈમ મેગેઝીનના કવર પેજ પર જોઈ શકાય છે કે, કેટલીક મહિલાઓ સરકાર વિરુદ્ધ નારેબાજી કરી રહી છે. એક મહિલાના ખોળામાં બાળક છે, જ્યારે એક-બે બીજા બાળકો પણ છે. તસવીરમાં વૃદ્ધ મહિલાઓ પણ જોવા મળે છે.